**નંબર–૧**

# નોટિસ પેપર ભાગ–૨
# વિધેયકો, પ્રસ્તાવો, સંકલ્પો ઉપરના સુધારા
# પંદરમી ગુજરાત વિધાનસભા
# ચોથું સત્ર
# શનિવાર, તા.૩જી ફેબ્રુઆરી, ૨૦૨૪

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારાની એકત્રિત યાદી :

| અ.નં<br>૧. | સુધારો<br>૨. | રજૂ કરનાર સભ્યશ્રી<br>૩. |
|---|---|---|
| | પ્રસ્તાવ ના અંતે નીચેના શબ્દો ઉમેરવાઃ–<br>``પરંતુ દિલગીર છીએ કે – | |
| ૧. | રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે, પરંતુ આ પાણીના વિતરણ અંતર્ગત નગરપાલિકાઓ, કોર્પોરેશનો અને ઉદ્યોગો પાસેથી કેટલી રકમ વેરા તરીકે વસુલવામાં આવે છે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | ગેનીબેન ઠાકોર |
| ૨. | જન્માષ્ટમી અને દિવાળી દરમ્યાન લાભાર્થી કુટુંબોને કાર્ડ દીઠ એક લીટર ડબલ ફીલ્ટર્ડ સીંગતેલનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમાં સરકારે સબસીડી પેટે કુલ કેટલી રકમ ભોગવી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી કાંતિભાઇ ખરાડી |
| ૩. | પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે રાજ્યમાં કેટલા ખેડૂતોને કેટલી રકમનો લાભ આપ્યો, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી જીજ્ઞેશ મેવાણી |
| ૪. | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને રૂા.૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી, પરંતુ કેટલા લાભાર્થીઓને વિદેશ અભ્યાસ જવા માટે તેમજ વિવિધ શૈક્ષણિક અને રોજગારલક્ષી યોજનાઓમાં કેટલી રકમ ચૂકવાઇ, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૫. | રાજ્યમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ૧,૦૭,૬૨૧ લાખ ઘન ફૂટ જેટલો જળસંગ્રહ થયો પરંતુ ખેડૂતોને સિંચાઇના પાણી માટે વ્યાપક રજૂઆતો કરવા છતાં પાણી મળતું નથી, તે | ડૉ. તુષાર ચૌધરી |

(૨)...

| | | |
|---|---|---|
| | બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | |
| ૬. | રાજ્ય સરકારની નલ સે જલ યોજના અંતર્ગત વર્ષવાર કેટલી રકમ ફાળવી અને કેટલો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી શૈલેષ પરમાર |
| ૭. | વર્ષ ૨૦૨૩માં માર્ચ માસમાં થયેલ વિવિધ કુદરતી આફતો – કમોસમી વરસાદ અને બિપરજોય વાવાઝોડામાં થયેલ નુકસાન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે કેટલી રકમની સહાયની માંગણી કરી અને કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફાળવી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી અરવિંદભાઈ લાડાણી |
| ૮. | ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રદેશ ખાતે ઔદ્યોગિક અને બિન–ઔદ્યોગિક હેતુ માટે કુલ ૫૩૧ એકર જમીનની ફાળવણી કરી, પરંતુ કુલ કેટલા ઔદ્યોગિક એકમોને આ ફાળવણી કરવામાં આવી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૯. | કિસાન સુર્યોદય યોજના અંતર્ગત ૭૦૮૪ ગામોમાં દિવસે વીજળી અપાય છે પરંતુ બાકી રહેતા ગામોને કેટલા સમયમાં અને કેટલા તબક્કામાં આ લાભ અપાશે, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી અમીત ચાવડા |
| ૧૦. | રાજ્યની નગરપાલિકાઓ તેમના વીજબીલોનું ચુકવણું નિયમિતપણે કરી શકે તે માટે વર્ષ ૨૦૨૩–૨૪ના અંદાજપત્રમાં વીજબીલ પ્રોત્સાહક યોજનામાં રૂ.૧૦૦ કરોડની જોગવાઇ સામે કઇ કઇ નગરપાલિકાઓને કેટલી રકમ વીજબીલ પ્રોત્સાહક યોજના અંતર્ગત ફાળવી, તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૧૧. | વર્ષ ૨૦૨૩માં માર્ચ માસમાં રાજ્યમાં થયેલ વિવિધ કુદરતી આપત્તિઓ, કમોસમી વરસાદ, વગેરેમાં ખેડૂતોને થયેલી કુલ પાક નુકસાની કેટલી છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી ઉમેશભાઇ મકવાણા |

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**